મોટર ટ્રાન્સપોર્ટ (M.T.) વિભાગના સંવર્ગો મર્જ / રદ કરવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક: HD/MHK/e-file/8/2022/3252/C1
સચિવલાય, ગાંધીનગર
તારીખ : /૦૯/૨૦૨૪

**વંચાણે લીધા :-**

(૧) અધિક પોલીસ મહાનિદેશકશ્રી, તકનિકી સેવાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તારીખ ૦૫/૦૮/૨૦૨૧નો પત્ર ક્રમાંક: અ-૩/એમ.ટી/ટેકનીકલ સંવર્ગ/૨૨૪૬/૨૦૨૧

**ઠરાવ :-**

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી , ગુજરાત રાજ્ય, ગાંધીનગર હેઠળ મોટર ટ્રાન્સપોર્ટ વિભાગ કાર્યરત છે. આ વિભાગની મુખ્ય કામગીરી પોલીસ ખાતાના તમામ વાહનોનું મેઈન્ટેનન્સ અને રીપેરીંગની છે. અધિક પોલીસ મહાનિદેશક, તકનીકી સેવાઓ આ ખાતાના વડા છે. મોટર ટ્રાન્સપોર્ટ ખાતામાં નીચે કોષ્ટક-૧(પોલીસ સંવર્ગો) અને કોષ્ટક-૨(સીવીલીયન સંવર્ગો) મળી કુલ-૨૯ અલગ અલગ સંવર્ગો કાર્યરત છે.

**કોષ્ટક-૧(પોલીસ સંવર્ગો )**

| અ.નં. | સંવર્ગ | પગાર ધોરણ | ગ્રેડ પે | મંજુર જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | એમ.ટી. સુપરવાઇઝર ગ્રેડ - ૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૩૪ |
| ૨ | એમ.ટી. સુપરવાઇઝર ગ્રેડ - ૨ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૦૦૦ | ૩૯ |
| ૩ | હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મિકેનીક. ગ્રેડ - ૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૬૨ |
| ૪ | હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મિકેનીક. ગ્રેડ - ૨ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૦૦૦ | ૧૩૪ |
| | | | | ૨૬૯ |

**કોષ્ટક-૨(સિવિલિયન સંવર્ગો)**

| ક્રમ | સંવર્ગ | પગાર ધોરણ | ગ્રેડ પે | મંજુર |
|---|---|---|---|---|
| ૧ | હેડ મિકેનીક | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ | ૧ |
| ૨ | સ્ટોર કીપર | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૩ |
| ૩ | એમ.વી.ફીટર ગ્રેડ - ૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૧૭ |
| ૪ | ઇલેક્ટ્રીશીયન ગ્રેડ - ૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૭ |
| ૫ | ટર્નર ગ્રેડ - ૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૪ |
| ૬ | બ્લેક સ્મીથ ગ્રેડ - ૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૪ |
| ૭ | પેઇન્ટર ગ્રેડ - ૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૪ |
| ૮ | વેલ્ડર ગ્રેડ - ૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૧ |
| ૯ | કારપેન્ટર ગ્રેડ - ૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૫ |
| ૧૦ | એમ.વી. ફીટર ગ્રેડ - ૨ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૨૨ |
| ૧૧ | ઇલેક્ટ્રીશીયન ગ્રેડ - ૨ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૬૪ |
| ૧૨ | ટર્નર ગ્રેડ - ૨ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૩ |
| ૧૩ | પેઇન્ટર ગ્રેડ - ૨ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૪ |
| ૧૪ | વેલ્ડર ગ્રેડ - ૨ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૬ |
| ૧૫ | કારપેન્ટર ગ્રેડ - ૨ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૮ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬ | અપહોસ્ટર ગ્રેડ - ૨ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૪ |
| ૧૭ | વલ્કેનાઇઝર ગ્રેડ - ૨ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૩ |
| ૧૮ | ટીન સ્મીથ ગ્રેડ - ૨ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૫ |
| ૧૯ | બેન્ચ ફીટર ગ્રેડ - ૨ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૨ |
| ૨૦ | ગ્રીસર ગ્રેડ - ૨ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૧ |
| ૨૧ | એમ.વી.એફ. ગ્રેડ - ૩ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૬૫૦ | ૧૨ |
| ૨૨ | કારપેન્ટર ગ્રેડ - ૩ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૬૫૦ | ૩ |
| ૨૩ | અપહોસ્ટર ગ્રેડ - ૩ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૬૫૦ | ૨ |
| ૨૪ | ગ્રીસર ગ્રેડ - ૩ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૬૫૦ | ૩ |
| ૨૫ | ક્લીનર | ૪૪૪૦-૭૪૪૦ | ૧૬૫૦ | ૧૬ |
| | કુલ | | | ૨૦૪ |

આ સંવર્ગોમાં ઘણા સંવર્ગોનાં પગાર ધોરણ સમાન છે. તેમજ પ્રવર્તમાન સંજોગો તથા કામગીરીને ધ્યાનમાં લેતાં, અમુક સંવર્ગો મર્જ કરવા તેમજ રદ કરવા આવશ્યક જણાતા હોઇ, આ સંવર્ગો મર્જ/રદ કરવા વંચાણે લીધા ક્રમાંક-(૧) સામે દર્શાવેલ તારીખ ૫/૦૭/૨૦૨૧ના પત્રથી અધિક પોલીસ મહાનિદેશકશ્રી, તકનિકી સેવાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્ધારા દરખાસ્ત કરવામાં આવેલ.

સદરહુ દરખાસ્ત પરત્વે કાળજીપૂર્વકની વિચારણાને અંતે નીચે (a) મુજબ કોઠા ૧ થી ૪ મુજબના કુલ ૮ સંવર્ગોને ૪ સંવર્ગમાં મર્જ કરવાની અને (b)માં દર્શાવેલ ૩ સંવર્ગોને રદ કરવાની નીચેની શરતે આથી મંજૂરી આપવામાં આવે છે.

(a) મર્જ થયેલ સંવર્ગ

<table>
<tr><th>ક્રમ</th><th colspan="4">સંવર્ગ</th></tr>
<tr><td>૧</td><td colspan="2">એમ.વી.ફીટર, ગ્રેડ-II, વર્ગ-૩<br>પગાર ધોરણ: ૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડ પે– ૧૯૦૦</td><td colspan="2">ગ્રીસર, ગ્રેડ–II, વર્ગ-૩<br>પગાર ધોરણ:૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડ પે– ૧૯૦૦</td></tr>
<tr><td colspan="5">ઉપરના બંને સંવર્ગો મર્જ કર્યા બાદનો સંવર્ગ: એમ.વી.ફીટર, ગ્રેડ-II, વર્ગ-૩, પગાર ધોરણ-૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે – ૧૯૦૦</td></tr>
<tr><td>૨</td><td>વેલ્ડર, ગ્રેડ–I, વર્ગ-૩<br>પગાર ધોરણ:૫૨૦૦-૨૦૨૦૦,<br>ગ્રેડ પે – ૨૪૦૦</td><td colspan="2">બ્લેક સ્મિથ, ગ્રેડ – I, વર્ગ-૩<br>પગાર ધોરણ:૫૨૦૦-૨૦૨૦૦<br>ગ્રેડ પે – ૨૪૦૦</td><td>કારપેન્ટર, ગ્રેડ-I, વર્ગ-૩<br>પગાર ધોરણ:૫૨૦૦-૨૦૨૦૦,<br>ગ્રેડ પે–૨૪૦૦</td></tr>
<tr><td colspan="5">ઉપરના ત્રણે સંવર્ગો મર્જ કર્યા બાદનો સંવર્ગ: વેલ્ડર, ગ્રેડ–I , વર્ગ-૩, પગાર ધોરણ:૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે–૨૪૦૦</td></tr>
<tr><td>૩</td><td>વેલ્ડર, ગ્રેડ–II, વર્ગ-૩<br>પગાર ધોરણ:<br>૫૨૦૦-૨૦૨૦૦,<br>ગ્રેડ પે–૧૯૦૦</td><td>કારપેન્ટર, ગ્રેડ-II, વર્ગ-૩<br>પગાર ધોરણ:<br>૫૨૦૦-૨૦૨૦૦,<br>ગ્રેડ પે – ૧૯૦૦</td><td>ટીન સ્મિથ, ગ્રેડ–II, વર્ગ-૩<br>પગાર ધોરણ: ૫૨૦૦-૨૦૨૦૦,<br>ગ્રેડ પે – ૧૯૦૦</td><td>વલ્કેનાઈઝર ગ્રેડ-II, વર્ગ-૩<br>પગાર ધોરણ:<br>૫૨૦૦-૨૦૨૦૦,<br>ગ્રેડ પે–૧૯૦૦</td></tr>
<tr><td colspan="5">ઉપરના ચારેય સંવર્ગો મર્જ કર્યા બાદનો સંવર્ગ: વેલ્ડર, ગ્રેડ–II, વર્ગ-૩, પગાર ધોરણ-૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડ પે – ૧૯૦૦</td></tr>
</table>

Signature Not Verified
Signed by:Ronak Modi
Under Secretary
Date: 2024.09.23
16:25:17 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

| | | | |
|---|---|---|---|
| ૪ | ગ્રીસર, ગ્રેડ-III, વર્ગ-૩<br>પગાર ધોરણ:૪૪૪૦-૭૪૪૦,<br>ગ્રેડ પે–૧૬૫૦ | કારપેન્ટર, ગ્રેડ–III, વર્ગ-૩<br>પગાર ધોરણ:૪૪૪૦-૭૪૪૦<br>ગ્રેડ પે–૧૬૫૦ | એમ.વી.ફીટર, ગ્રેડ-III, વર્ગ-૩<br>પગાર ધોરણ:૪૪૪૦-૭૪૪૦<br>ગ્રેડ પે–૧૬૫૦ |
| ઉપરના ત્રણે સંવર્ગો મર્જ કર્યા બાદનો સંવર્ગ: એમ.વી.ફીટર, ગ્રેડ-III, વર્ગ-૩, પગાર ધોરણ:૪૪૪૦-૭૪૪૦, ગ્રેડ પે–૧૬૫૦ | | | |

(b) રદ થયેલ સંવર્ગ

(૧) ટર્નર, ગ્રેડ-III (પગાર ધોરણ- રૂ.૫૨૦૦-૨૦,૨૦૦ ગ્રેડ પે રૂ.૧૯૦૦) (મંજૂર જગ્યા કુલ-૦૩)

(૨) બેન્ચ ફીટર, ગ્રેડ-II (પગાર ધોરણ- રૂ.૫૨૦૦-૨૦,૨૦૦ ગ્રેડ પે રૂ.૧૯૦૦) (મંજૂર જગ્યા કુલ-૦૨)

(૩) હેડ મીકેનીક વર્ગ-૩ (પગાર ધોરણ રૂ.૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડ પે-૨૮૦૦) (મંજુર જગ્યા-૧)

શરત:-ઉક્ત સંવર્ગોના ભરતી નિયમો અને પ્રવરતાયાદી માટે સામાન્ય વહીવટ વિભાગનો પરામર્શ કરવાનો રહેશે.

એમ.ટી. વિભાગમાં ઉપર મુજબ સંવર્ગો મર્જ/રદ થયા બાદ ૪ પોલીસ સંવર્ગો અને ૧૪ સીવીલીયન સંવર્ગો એમ મળી કુલ-૧૮ સંવર્ગો રહે છે.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઈલ પરની નાણાં વિભાગની તારીખ ૦૪/૦૯/૨૦૨૪ની નોંધ થી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રોનક મોદી)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

**પ્રતિ,**

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, હથિયારી એકમો, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, તકનિકી સેવાઓ), ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર
- પોલીસ મહાનિરીક્ષકશ્રી, (વહીવટ), ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ
- નાણાં સલાહકારશ્રી(ગૃહ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, મ શાખા, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શાખા સીલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી સીલેક્ટ ફાઇલ

Signature Not Verified
Signed by:Ronak Modi
Under Secretary
Date: 2024.09.23
16:25:17 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

Signature Not Verified
Signed by:Ronak Modi
Under Secretary
Date: 2024.09.23
16:25:17 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign